સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજૂર થયેલ જગ્યાઓને આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૨/૪૨૯૮/બ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૦૯/૨૦૨૦

**વંચાણે લીધા:**

1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૮/૦૯/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૪/૩૦૬/બ.૧

2) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૧૩/૦૧/૨૦૨૦ના પત્ર ક્રમાંક: મકમ-૧/ આઈસીડીએસ/જગ્યા ભરવા/૪૦૧૧/૨૦૧૯.

**//ઠરાવ//**

વંચાણે લીધા ક્રમ: (૧) માં દર્શાવેલ ઠરાવથી આઈસીડીએસ યોજના હસ્તકની કુલ-૯૦ જગ્યાઓ નિયમિત ધોરણે ભરી દેવાની શરતે ૧૧- માસ માટે અથવા નિયમિત કર્મચારીઓની નિમણૂક થાય તે બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમ: (૨) માં દર્શાવેલ કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરીની ૭૭ જગ્યા અને વિભાગીય નાયબ નિયામક કચેરીની ૧૩ જગ્યાઓ મળીને કુલ-૯૦ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા માટે ૧૧ માસની પશ્ચાતવર્તી અસરથી તેમજ તા.૨૯/૦૨/૨૦૨૧ સુધીની મંજૂરી માંગવામાં આવેલ હતી.

૨/- આથી વિભાગના તા.૧૮/૦૯/૨૦૧૮ના ઠરાવ અંતર્ગત કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી હસ્તકની ૭૭ જગ્યાઓ અને ૦૪ વિભાગીય નાયબ નિયામક કચેરીઓ હસ્તકની ૧૩ જગ્યાઓ મળીને કુલ-૯૦ જગ્યાઓ પૈકી જે તે સમયે આઉટસોર્સથી ભરાયેલ હોય તેવી જગ્યાઓની આઉટસોર્સની સેવાઓની ૧૧ માસની મુદત પૂર્ણ થયા તારીખની પશ્ચાદવર્તી અસરથી તા.૨૯/૦૨/૨૦૨૦ સુધી ચાલુ રાખવા મંજૂરી આપવામાં આવે છે.

૩/- નીચે દર્શાવેલ પત્રક મુજબની કુલ-૩૮ જગ્યાઓની સેવાઓ નિયમિત ઉમેદવારો ઉપલબ્ધ થાય ત્યાં સુધી અથવા ૧૧ માસ માટે (તા.૦૧/૦૩/૨૦૨૦થી તા.૩૧/૦૧/૨૦૨૧ સુધી) તે બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી આઉટસોર્સની મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | જગ્યાનું નામ | આઉટસોર્સથી ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | એકાઉન્ટન્ટ | ૦૪ |
| ૨ | જુનિયર ક્લાર્ક | ૨૭ |
| ૩ | ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૨ |
| ૪ | પ્રિસ્કુલ ઈન્સ્પેક્ટર | ૦૩ |
| ૫ | ડ્રાઈવર | ૦૨ |
| | કુલ | ૩૮ |

૪/- આ જગ્યાઓની આઉટસોર્સની સદરહુ ૧૧ માસની મુદત પૂર્ણ થયા બાદ વધુ સમય માટે સેવાઓ ચાલુ રાખવાના સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય કોઈપણ સંજોગોમાં આવી આઉટસોર્સની સેવાઓ ચાલુ રાખી શકાશે નહિ.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૫/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
4. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી જિલ્લા પંચાયત કચેરી, જિ.
5. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ................
6. વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
7. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી, જિ.
8. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) , મ્યુનિસિપલ કોર્પોરેશન, ...........
9. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
10. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
11. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
12. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. - વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
13. શાખા સિલેક્ટ ફાઇલ